**દિવાની પરચુરણ અરજી નં.–૩૮/૨૦૨૪**

**<u>આંક–૧ અને આંક–૧૨ લગત હુકમ</u>**

સદર કામમાં રેકર્ડ ઉપરની હકીકત ધ્યાને લેવામાં આવે તો અરજદાર દ્વારા હાલની અરજી દાખલ કર્યા બાદ તા.૦૨/૦૭/૨૦૨૪, તા.૧૩/૦૮/૨૦૨૪, તા.૨૨/૧૦/૨૦૨૪, તા.૨૧/૧૨/૨૦૨૪, તા.૦૧/૦૨/૨૦૨૫, તા.૨૯/૦૩/૨૦૨૫, તા.૦૩/૦૫/૨૦૨૫ ની મુદતોમાં અરજદાર કે તેમના વિ.વ.શ્રી હાજર રહેતા ન હોય અને હાલની અરજી ચલાવવામાં રસ ધરાવતા ન હોય જેથી સામાવાળા નં.–૩ વિ.વ.શ્રી દ્વારા તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ આંક–૧૨ થી અરજી આપી અરજદારની હાલની અરજી કાઢી નાખવા અરજ કરેલ છે અને આ અરજી સુનવણી માટે રાખવામાં આવેલ અને ત્યારબાદ આ અરજીની સુનવણીના તબક્કે તા.૧૪/૧૧/૨૦૨૫, તા.૧૭/૦૧/૨૦૨૬, તા.૦૭/૦૩/૨૦૨૬, તા.૦૨/૦૫/૨૦૨૬ તથા આજરોજ તા.૦૪/૦૭/૨૦૨૬ પણ અરજદાર કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા ન હોય કે તેઓ તરફે કોઈ રજુઆત ન હોય, જેથી રેકર્ડ ઉપરની ઉપરોકત તમામ હકીકત ધ્યાને લેતા અરજદારને હાલની અરજી ચલાવવામાં કોઈ પણ પ્રકારનો રસ નહી હોવાનું ફલીત થાય છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા હાલના અરજી સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

- અરજદારની હાલની અરજી કાર્યવાહીના અભાવે રદ કરવામાં આવે છે.
- પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આજરોજ તા : ૦૪'થી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

મહુવા
તા.૦૪/૦૭/૨૦૨૬

**(અતુલકુમાર એસ. પાટીલ)**
**ત્રીજા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ,**
**ભાવનગર એટ મહુવા.**
**જીજે ૦૦૮૩૬**